ગાંધીનગર સમાચાર

ગાંધીનગર
તાપમાન

મહત્તમ : ૩૮.૫ ડીગ્રી
લઘુતમ : ૨૮.૬ ડીગ્રી
ભેજ
સવારે ૭૧ ટકા ● સાંજે ૪૦ ટકા

# મોંઘવારીની વ્યથા વચ્ચે ૧૯મી સદીના ચલણ વિનિમયની સુખદ પળો

**ચાંદી, તાંબુ, નિકલ જેવી ધાતુના સિક્કા ચલણમાં હતા, કાગદી ચલણ હજુ જ નહિં, વાટકી બાજરી સામે શાકભાજી જેવો વસ્તુ વિનિમય ચાલતો હતો**





ગાંધીનગર, તા. ૬

દેશના લોકો મોંઘવારીની વ્યથા ભારે હૈયે ઠાલવી રહ્યા છે. ત્યારે ૧૯મી સદીમાં ચાલતા ચલણથી થતો વિનિમય દેશની સુખદ પળોના સંસ્મરણો બન્યા છે. ૧૯મી સદીમાં પાઈ, આના અને પૈસાનું ચલણ હતુ. કાગદી ચલણો અસ્તિત્વમાં જ નહોતા તો બીજી તરફ વસ્તુ વિનિમય ચાલતો હતો. દેશની આ પ્રકારની વ્યવસ્થાથી જનજીવન સામાન્ય અને સંતોષજનક રીતે ચાલી રહ્યુ હતુ.

દેશમાં અંદાજીત ૧૯૫૫ પહેલાં જુનું ચલણ ચાલતુ હતું. તાંબુ, ચાંદી, નિકલ જેવી ધાતુના પાઈ, આના અને પૈસાના સિક્કા હતા. હાલની મોંઘવારીની તુલનાએ અનેક ઘણી સોંઘવારી હોવાનું જે તે સમયના વિનિમય ઉપરથી ખ્યાલ આવે તેમ છે. ખાદ્ય ચિજોમાં દૂધ બે પૈસાએ ૧ શેર એટલે કે ૫૦૦ ગ્રામ, ઘી ૧ રૂ. બશેર એટલે કે એક કિલો, જ્યારે બાજરી બાર આને મણ એટલે કે ૭૫ પૈસામાં ૨૦ કિલો મળતી હતી. બાળકોને તે સમયે ૧ પાઈની પાંચ પીપરમીન્ટ, ૧ પાઈની ૩ મોસંબી ગોળી અને ધો. ૧ના બાળકનું ખીસ્સુ ભરાય એટલા ચણા ૧ પાઈમાં મળતા હતા.

જુના ચલણની સરખામણી પૈસા સામે કરીએ ત્યારે તે સમયે ૩ પાઈ = ૧ પૈસો, ૧ આના = ૪ પૈસા અને ૧૬ આના = ૧ રૂ. થાય છે. જ્યારે ૪ આના = ૧૬ પૈસા ગણતરીમાં મુકાતા હતા. ૧૯૭૦-૭૧ માં ૧ તોલો સોનુ રૂ. ૨૧૦માં મળતું હતુ જે સમયે કાગદી ચલણ અમલમાં મુકાયેલું હતુ. વધુમાં ૧૯મી સદીમાં વસ્તુ વિનિમય અમલમાં હતો જેમાં એક વાટકી બાજરી આપી શાકભ્ભી મળી રહેતુ હતુ. ૧૯૫૫ પછી દશાંશમાં નવુ ચલણ અપનાવાયુ હતુ. જેમાં ૧ રૂ. = ૧૦૦ પૈસા, ૮ આના = ૫૦ પૈસા, ૪ આના = ૨૫ પૈસા, ૨ આના = ૧૩ પૈસા, ૧ આના = ૬ પૈસા અને ૧૦ આના = ૬૨ પૈસાની ગણતરી કરવામાં આવતી હતી.

જો કે હજુ પણ પૌરાણિક ચિજવસ્તુઓના શોખીનો પાસે જુના ચલણના સિક્કા સંગ્રહ કરેલા મળી શકે છે. હાલમાં દેશના ચલણનું મુલ્ય ઘટી જતાં ઘણા બધા રૂપિયા લઈ જાવ ત્યારે હાથમાં સમાઈ જાય તેટલી વસ્તુ મળે છે. જે તફાવત મોંઘવારી અને સોંઘવારી દર્શાવે છે. જીવનસ્તરમાં આવેલો ઝડપી સુધાર એ વાસ્તવિકતા સ્વીકારીને જીવન આગળ ધપાવવું જોઈએ તે હાલના સમયની માંગ છે.

## વાવોલ-સરગાસણ વિસ્તારમાં કિન્નરના વેશમાં આવતી વ્યક્તિઓથી પરેશાની

ગાંધીનગર, તા.૬

ગાંધીનગરના વાવોલ - સરગાસણ જેવા વિસ્તારોમાં નવી રહેણાંક સોસાયટીઓમાં તાજેતરમાં કિન્નર જેવા દેખાતી મહિલાઓના વેશમાં આવતી વ્યક્તિઓ દ્વારા ખાસ કરીને ઉનાળની બપોર જેવા સમયે જ્યારે ઘરમાં ગૃહિણી વર્ગ જ હોય તેવા સમયે આવીને બળજબરી મોટી રકમના ઉઘરાણાં કરવાની સમસ્યાએ માથું ઉંચક્યું છે. વળી, જો કોઈ મહિલા તેમની માંગેલી રકમ આપવા સંમત ના થાય તો આ વ્યક્તિઓ દ્વારા મનફાવે તેવા શબ્દો વાપરવા અને અસભ્ય વર્તન સાથે શ્રાપ આપીને ડરાવવા-ધમકાવવામાં આવે છે જેનાથી ડરીને મહિલાઓ તેમની મ્હોં માંગેલી રકમ ચુકવવા મજબુર બને છે જેમાં મધ્યમવર્ગીય પરિવારની ગૃહિણી મહિલાઓ પાસેથી બે હજારથી પાંચ હજાર સુધીની બળજબરી માંગણી કરાય છે. આ ઘટનાઓ અંગે શહેરના સોશિયલ મિડીયામાં પણ સંદેશા વાઈરલ થઈ રહ્યાં છે અને તે વ્યક્તિઓ ખરેખર કોઈ કિન્નર છે કે કેમ તે અંગે પણ શંકા સેવાઈ રહી છે. તાજેતરમાં વાવોલની શ્રી હરિ ૧૪૨ નામની ફલેટની સ્કિમમાં એક મહિલાને આ રીતની કિન્નર જેવી વ્યક્તિઓએ સોસાયટીમાં દોડાવીને ડરાવી હતી ત્યારે હકીકતમાં આ વ્યક્તિઓ સાચા કિન્નર છે કે નહીં તે ચકાસવું પણ જરૂરી બન્યું છે.

## શહેર વસાહત મહાસંઘ દ્વારા પ્લાસ્ટીક વેસ્ટ કલેકશન માટે અપીલ



ગાંધીનગર, તા.૬

ગાધીનગર શહેર વસાહત મહાસંઘના હોદેદારો સંલગ્ન સેકટરના પ્રતિનિધિઓ પ્રમુખ / મંત્રીઓ શહેરના આગેવાનોની વિશાળ સંખ્યામાં બેઠક મળી હતી. આ બેઠકમાં સંસ્થાના પ્રમુખ કેશરીસિહ બિહોલાએ ગાંધીનગર શહેરમાં પર્યાવરણ જાળવણી જતન માટે શહેરના સેકટરોમાંથી જાહેર રોડ રસ્તાઓ વસાહતોમાં શોપિંગ દુકાનો વગેરે આડેધડ પડેલ વેસ્ટ પ્લાસ્ટિક બોટલો ઘરવપરાશની નાની મોટી ચીજવસ્તુઓ કોથળીઓ વગેરેનું સંસ્થા દ્વારા સેકટરોમા કાર્યક્રમ પ્રોગ્રામ કરી પ્લાસ્ટિક ચીજવસ્તુઓનું કલેકશન કરી પર્યાવરણ બચાવવા માટે સહકાર આપવા અપીલ કરવામાં આવી હતી. સૌ સેકટરના પ્રતિનિધિઓએ સંમતિ દર્શાવી પોતાના વિચારો રજૂ કરી પર્યાવરણ જાળવણી કાર્યક્રમમા જોડાવા માટે તૈયારી બતાવી હતી. તા ૧૪ને રવિવારે ગાધીનગર મહાનગર પાલિકા દ્વારા સેકટર-૧૩ સેન્ટ્રલ વિસ્ટા ખાતે પ્લાસ્ટિક વેસ્ટ કલેકશનના કાર્યક્રમનુ આયોજન કરવામાં આવનાર છે જેમાં ગાધીનગર શહેર વસાહત મહાસંઘ દ્વારા શહેરના સેકટરોમાથી વેસ્ટ કલેકશન કરી આપવા માટે સંમતિ દર્શાવી હતી અને શહેરના સેકટરોમાથી શહેરના આગેવાનો સેકટરના વસાહત મંડળો શહેરની વિવિધ સેવાભાવી સંસ્થાઓ પર્યાવરણ સંસ્થાઓ વગેરેએ શહેરના પર્યાવરણ જાળવણી અભિયાનમાં જોડાઈ પ્લાસ્ટિક કલેકશન કરી ગાધીનગર શહેર વસાહત મહાસંઘને સુપ્રત કરવામાં આવશે તો તેને યોગ્ય જગ્યાએ પહોચાડી કિલોદીઠ વળતર પણ આપવામાં આવશે.

## શહેરમાં બુધ્ધ પૂર્ણિમાની ઉજવણી




ગાંધીનગર, તા.૬

બુદ્ધ પૂર્ણિમાના દિવસે દ્રિતીય બુદ્ધ સ્નેહ મિલન કાર્યક્રમ એ૩ ક્લબ દ્વારા સંત શ્રી રોહિદાસ મંદિર, ગાંધીનગર ખાતે ઉજવવામાં આવ્યો હતો. જેમાં વિવિધ જગ્યાએથી ૧૫૦૦ ઉપર વ્યક્તિઓએ હાજરી આપી હતી. કાર્યક્રમની શરૂઆત બુદ્ધ વંદનાથી કરવામાં આવી હતી ત્યારબાદ ધોરણ-૧થી પીએચડી સુધી મળતી વિવિધ સ્કોલરશીપ વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું, એ૩ ક્લબ વિશે માહિતી આપવામાં આવી હતી અને કવીઝ કોમ્પિટિશન યોજવામાં આવી હતી. બાળકો અને વૃદ્ધ વ્યક્તિઓ દ્વારા નિસ્વાર્થ ભાવે સેવા આપવા બદલ સન્માન કરાયું હતું. વિશ્વ વિખ્યાત 'બ્લેક એન્ડ વાઈટ' નાટક યુવાનો દ્વારા રજુ કરવામાં આવ્યું હતું. નાના બાળકો દ્વારા લઘુનાટીકા રજુ કરવામાં આવી હતી તેમજ રાહત દરે ચોપડા વિતરણ કરવામાં આવ્યું હતું. અંતમાં સૌ પ્રીતિભોજન લઈને છુટા પડ્યા હતા.


## ઈન્ફોસીટી જુનિયર સાયન્સ કોલેજમાં વાર્ષિક પરિણામ ઉત્સવ




ગાંધીનગર, તા.૬

ઈન્ફોસીટી જુનિયર સાયન્સ કોલેજ ઘ-૦ યુનિટમાં વિદ્યાર્થીઓને વાર્ષિક પરીક્ષાનું પરિણામ ઉત્સવ ઉજવવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓના વાલીઓને પણ વિશેષ આમંત્રિત કરવામાં આવ્યા હતા. ધો.૯ તથા ધો.૧૧ સાયન્સ અને કોમર્સના ટોપ ટેન વિદ્યાર્થીઓને વિશેષ ભેટ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. શાળામાં પ્રથમ આવનાર વિદ્યાર્થીઓને સિલ્વર મેડલ આપી સન્માનિત કરાયા હતા. શાળાના ટ્રસ્ટી પ્રદીપ ગગલાણીએ વિદ્યાર્થીઓને પરિણામને માઈલસ્ટોન ગણી આગળ વધવા પ્રેરણા આપી હતી. શાળાના આચાર્યા જયોતિ ભાવસારે વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવી આગામી પરીક્ષાઓમાં ઉજજવળ પરિણામ માટે પ્રોત્સાહિત કર્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન તુષારકુમારે કર્યું હતું.

## પોઈન્ટ બસ સ્ટેન્ડની સ્ટ્રીટલાઈટો બંધ રહેતા સ્કેટીંગની પ્રેક્ટીસ કરતા બાળકો નિરાશ




ગાંધીનગર, તા. ૫


ગાંધીનગર શહેરમાં સચિવાલયના પોઈંટ બસ સ્ટેશન માર્ગ પરની સ્ટ્રીટલાઈટો સતત બંધ રહેતી હોવાથી રાત્રિના સમયે સ્કેટીંગની પ્રેક્ટીસ માટે આવતા બાળકોને તકલીફ પડી રહી છે. શહેરમાં રમતોના મેદાન રહ્યા નથી અને નાના ભૂલકાઓ સ્કેટીંગની પ્રેક્ટીસ માટે રાત્રે સુમસામ બનતા આ વિસ્તારમાં પ્રેક્ટીસ માટે આવે છે પણ સ્ટ્રીટલાઈટો બંધ રહેતાં નિરાશામાં ગરકાવ થઈ જાય છે. આ માટે વાલીઓએ મનપામાં અને પાટનગર યોજના તેમજ અન્ય સત્તાધીશોને રજૂઆત કરી છે પણ કોઈ જ ઉકેલ ન આવતાં વાલીઓ નિરાશામાં ગરકાવ થઈ ગયા છે. ગઈકાલે તો કેટલાક વાલીઓએ તેમના વાહનોની લાઈટ ચાલુ રાખી બાળકોને પ્રેક્ટીસ કરવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. શહેરમાં સ્ટ્રીટલાઈટની સમસ્યા વિકરાળ બની રહી છે. મેટ્રો રેલના ચાલી રહેલા કામને કારણે પણ લાઈટો દૂર કરાઈ છે તેમજ ઘણી બધી સ્ટ્રીટલાઈટો નાના-મોટા ફોલ્ટને કારણે બંધ રહેતી હોય છે.

## જન્મદિને વધામણી


રાહુલસિંહ રાણા
મો. ૭૩૮૩૪ ૮૫૦૫૧


નીતિનભાઈ નારાયણભાઈ મહેરિયા
મો. ૯૯૭૯૯ ૩૬૩૯૯


હિધાન સેહુલ સોની
મો. ૯૮૭૯૪ ૨૩૦૮૦


કુંપલ ગઢવી
મો. ૯૮૯૮૮ ૧૦૧૨૯


દેવલ અમિતકુમાર ભટ્ટ
મો. ૯૯૨૪૫ ૦૮૪૮૮


રાહુલસિંહ અશોકસિંહ રાણા


ધ્વજા હાર્દિકકુમાર પ્રજાપતિ

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ.બિહોલા મનુજી સમાજી ઉ.વ.૭૭, પાલજ
- સ્વ.ઠાકોર ભીખાજી મોતીજી ઉ.વ.૭૫, મહુન્દ્રા
- સ્વ.પરમાર દિનેશભાઈ સોમાભાઈ ઉ.વ.૬૭, બોરીજ
- સ્વ.રાઠોડ વનીતાબેન શુરવિરસિંહ ઉ.વ.૩૯, પેથાપુર